# ગાંધીનગરની જનતાને બાર કોડેડ રેશનકાર્ડ મેળવવામાં સર્જાતી મુશ્કેલી

## સેક્ટર પ્રમાણે બાર કોડેડ રેશનકાર્ડ વહેંચવા વસાહતીઓની રજૂઆત

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના દરેક સેક્ટરમાં વસતા વસાહતીઓને તથા આસપાસના વિસ્તારના ઝૂંપડપટ્ટીના લોકોને છેલ્લા ઘણા સમયથી બારકોડેડ રેશનકાર્ડ મેળવવામાં અને તકલીફો વેઠવી પડી રહી છે. માત્ર એક જ જગ્યાએ આ વિતરણની કામગીરી ચાલતી હોવાથી એક દિવસમાં માત્ર ૩૦ કે ૪૦ જેટલા જ ઉમેદવારોના બાર કોડેડ રેશનકાર્ડ તૈયાર થાય છે. ત્યારે સ્થાનિક સેક્ટર્સના વસાહતીઓની માંગણી છે કે દરેક સેક્ટરમાં સસ્તા અનાજની દુકાન છે ત્યાં જો આ કામગીરી શરૂ કરવામાં આવે તો વસાહતીઓને રાહત મળી શકે.

મહાનગરપાલિકાના કાઉન્સિલર પિન્કીબેન પટેલે આ બાબતે ગુજરાત સરકારના પુરવઠા અધિકારીઓ સાથે વાત કરી સેક્ટરવાઈસ બાર કોડેડ રેશનકાર્ડ મેળવી શકાય તો વસાહતીઓને લાંબી લાઈનમાંથી અને વારંવારના ધક્કામાંથી છૂટકારો મળી શકે તેવી રજૂઆત કરી હતી. પુરવઠા અધિકારીઓ સાથે થયેલી મુલાકાત દરમિયાન જે તે સમયે જે તે તારીખ આપવામાં આવી હતી તેમ છતાં તે પ્રમાણે કાર્યક્રમ ગોઠવાયો ન હતો. સેક્ટર-૧૨માં આ કાર્યક્રમ ચાલુ કરવા જણાવ્યું હતું. પણ પછી સરપંચોનું સંમેલન આવી જતાં કેન્શલ થયું હતું આવી ત્રણ થી ચાર વખતની તારીખો રદ થઈ છે.

એક મહિનામાં ચાર વકત તારીખોની જાણ કર્યા બાદ સરકારના સ્વર્ણિમ ગુજરાત, ગરીબ કલ્યાણ મેળાઓ, સરપંચોનું સંમેલન જેવા કાર્યક્રમો આવતા બાર કોડેડ રેશનકાર્ડ વિતરણનો સેક્ટર વાઈસ કાર્યક્રમ રદ થયો હતો. દૂર દૂરથી આવતા લોકો સવારથી આખો દિવસ લાઈનમાં ઊભા રહે છે અને છતાં નંબર ન આવે, અથવા નાની મોટી ખામીઓ ઊભી થાય કે પછી બીજા દિવસે આવવાનું થાય ત્યારે આમ જનતા ત્રાસી જાય છે. અંગુઠાના નિશાન, ફોટો વગેરેની કામગીરી જે તે સેક્ટરોમાં નિશ્ચિત વાર કે તારીખે કરવામાં આવે તો દૂરથી આવતા વસાહતીઓને લાઈનમાં ભૂખ્યા, તરસ્યા ઊભું રહેવું ન પડે અને નિયત સમયમાં બાર કોડેડ રેશનકાર્ડની કામગીરી થઈ શકે.

# શહેરમાં રીક્ષા સ્ટેન્ડ નિયત કરાયા બાદ યોજના વિસરાઈ !

## ટાઉન પ્લાનીંગ કક્ષાએથી રીક્ષા સ્ટેન્ડના ૨૨ લોકેશન સૂચવાયા છે : લાંબા સમયથી દરખાસ્ત વિભાગમાં પડતર

ગાંધીનગર, તા.૨૧

શહેરમાં રીક્ષા સ્ટેન્ડ બનાવવાની કાર્ય યોજના અભેરાઈએ ચઢી ગઈ છે. ટાઉન પ્લાનીંગ કક્ષાએથી રીક્ષા સ્ટેન્ડને અનુલક્ષી વિવિધ ૨૨ પોઈન્ટ સૂચવાયા છે. જયારે આ મામલે વિભાગ કક્ષાએથી લાબા સમયના અંતે પણ કોઈ નિર્ણય ન લેવાતા રોડ સેફટી વધુ જોખમાઈ છે.

સાડા ચાર દાયકાના અંતે પણ શહેરમાં ટ્રાફિકને સ્પર્શતા પરિબળોને ડામવા હજુ સુધી કોઈ નક્કર પગલા લેવાયા નથી. એક બાજુ ટ્રાફિકનો ધમધમાટ વધ્યો છે ત્યારે ટ્રાફિક નિયમનના અભાવ વચ્ચે માર્ગ સલામતી જોખવાઈ છે. બીજી તરફ રીક્ષા સ્ટેન્ડના મામલે પણ લાંબા સમય બાદ પણ કોઈ નિર્ણય ન લેવાતા મુખ્ય માર્ગો પરથી સેકટરોના અપ્રોચ તરફ જવાના રસ્તે માર્ગ વચાળે રીક્ષાઓ પાર્ક થયેલી જોવા મળે છે. જિલ્લા પોલીસ તંત્ર દ્વારા થોડા સમય અગાઉ જ રીક્ષા ચાલકોને મીટર પ્રથા મુજબ ભાડુ વસુલવા આદેશ કરાયો છે. પરંતુ શહેરના ટ્રાફિક સિનારિયોને સુવ્યવસ્થિત કરવા જિલ્લા પોલીસ વડા દ્વારા સૂચવાયેલા મુદ્દાઓ સંદર્ભે વિભાગ કક્ષાએથી કોઈ અમલવારી થતી નથી. પાટનગર યોજના વિભાગ દ્વારા પણ ફૂટપાથ નિર્માણની કામગીરી બાદ રીક્ષા સ્ટન્ડનો પ્રશ્ન પેચીદો બનતા આ મામલે એક દરખાસ્ત તૈયાર કરી વિભાગને સુપ્રત કરવામાં આવી હતી. જેમાં ટાઉન પ્લાનીંગ કક્ષાએથી સૂચવયેલા વિવિધ ૨૨ પોઈન્ટસને અનુલક્ષી ફૂટપાથનો અમુક ભાગ અંદરની બાજુ ખુલ્લો મુકી રીક્ષા સ્ટેન્ડ નિયત કરવા સૂચવાયું છે. પરંતુ દરખાસ્ત સંદર્ભે હજુ કોઈ આખરી નિર્ણય ન લેવાતા આખી વાત અધ્ધરતાલ છે!

## ઓમકારેશ્વર મહાદેવ મંદિરે ૨૨મીએ ફિલ્મ સંગીતનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના સેક્ટર-૪માં આવેલા ઓમકારેશ્વર મહાદેવ મંદિરે વસાહતીઓ દ્વારા સાર્વજનિક ગણેશ મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. ગણેશ મહોત્સવ અંતર્ગત ગણેશ વંદના, પૂજા પાઠ સાથે સાથે વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યુંછે. ઓમકારેશ્વર મહાદેવ મંદિરે ગણેશ મહોત્સવ અંતર્ગત આજે તા. ૨૨મી સપ્ટેમ્બરે રાત્રે ૮.૩૦ કલાકે ફિલ્મ સંગીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુંછે. સ્વીટ મેલોડિસ દ્વારા સમગ્ર ફિલ્મ સંગીતનો કાર્યક્રમ યોજાશે જેનો નગરજનો લાભ લઈ શકશે.

## આર્ટ ઓફ લીવીંગના બેઝીક કોર્ષનો ૨૫મીથી પ્રારંભ થશે

ગાંધીનગર, તા.૨૧

શ્રી શ્રી રવિશંકરજી પ્રેરિત સંસ્થા આર્ટ ઓફ લીવીંગ દ્વારા ૧૮ વર્ષથી મોટા લોકો માટે બેઝીક કોર્ષનું આયોજન તા. ૨૫મી સપ્ટેમ્બરથી ૩૦મી સપ્ટેમ્બર સુધી સવારે ૬ થી ૯ અને સાંજે ૬.૩૦ થી ૯.૩૦ દરમિયાન, મેઘ મલ્હાર કોમ્પ્લેક્ષ, બીજો માળ, સેકટર-૧૧ ખાતે કરવામાં આવ્યું છે.

આર્ટ ઓફ લીવીંગના બેઝીક કોર્ષમાં સુદર્શન ક્રિયા, પ્રાણાયામ, યોગાસન, સરળ ધ્યાન, સારી ખરાબ આદતોની ચર્ચાઓ, શ્વાસોશ્વાસની ક્રિયાઓ, જવાબદારીને સમજવાની જાગૃતિ, રમતગમત જેવા પાસાઓ દ્વારા જીવનનો સુમેળ સાધવાનો પ્રયાસ કરવામાં આવશે. શિબિર દ્વારા તનાવમુકિત, આત્મવિશ્વાસ, યાદશકિત, ગ્રહણશકિત, માનસિક શાંતિ, એકાગ્રતા, તંદુરસ્તી, આંતરિક વિકાસ અને વકતૃત્વ શકિત ખીલે છે.

## કડવા પાટીદાર સમાજ ગાંધીનગરના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી

ગાંધીનગર, તા.૨૧

કડવા પાટીદાર સમાજ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, સેક્ટર-૧૨, ગાંધીનગરની ૩૨મી વાર્ષિક સાધારણ સભા મળી હતી. સભાના અધ્યક્ષ તરીકે ડી.ટી.પટેલ (ચેરમેન અર્બન બેંક) એ સફળ સંચાલન કર્યું હતું. સતત ચોથા વર્ષે પ્રમુખ તરીકે મંગળદાસ પટેલ અને મહામંત્રી ભોળાભાઈ પટેલની રાહબરી નીચે તમામ હોદ્દેદારોની કામગીરીને બિરદાવી સમગ્ર કારોબારીને સર્વાનુમતે નક્કી કરવામાં આવી. સમાજ ભવનમાં બાંધકામમાં ભંડોળ સમિતિમાં બી.ડી.પટેલ ઉપપ્રમુખશ્રી, ડી.ડી.પટેલ સહમંત્રીશ્રી, બી.પી.પટેલ ટ્રસ્ટી, ભરતભાઈ પટેલ ખજાનચી, ગણેશભાઈ પટેલ તથા શિક્ષણ સમિતિમાંથી અનિલભાઈ પટેલ, મણીભાઈ પટેલ વગેરેનો ભોળાભાઈ પટેલે આભાર વ્યક્ત કર્યો હતો.

## સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ દ્વારા 'આંખોની સંભાળ' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૧

સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ ગાંધીનગરના સહયોગથી તાજેતરમાં ઈજનેરી સ્ટાફ ટ્રેઈનિંગ કોલેજના ઓડિટોરિયમાં આંખના સર્જન ડૉ. શશાંક રાઠોડ દ્વારા નેત્ર સંભાળ અંગે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આંખોની સારવાર તથા આંખોની સંભાળ કેવી રીતે રાખવી તે સંદર્ભે યોજાયેલા ડૉ. શશાંક રાઠોડના કાર્યક્રમમાં ૧૨૦ સભ્યો હાજર રહ્યા હતા. આંખની સંભાળ અંગે વિડિયો શો, વાર્તાલાપ અને પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ યોજીને હાજર સભ્યોએ પૂછેલા તમામ પ્રશ્નોનો પ્રત્યુત્તર આપ્યો હતો. સમારંભની શરૂઆતમાં પ્રમુખ દ્વારા સ્વાગત વિધિ અને મેનેજીંગ ટ્રસ્ટી દ્વારા સંસ્થા પરિચય આપવામાં આવ્યો હતો. આભારવિધિ મંત્રીએ કરી હતી.

## આજે આર્ષ સંશોધન કેન્દ્ર દ્વારા વાસુદેવ માહાત્મ્ય વિષય પર વ્યાખ્યાન યોજાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના 'આર્ષ' સંશોધન કેન્દ્ર દ્વારા હરિ મંદિર, અક્ષરધામ, ખાતે આજે ૨૨મી સપ્ટેમ્બર ૨૦૧૨ને શનિવારે સાંજે ૪.૩૦થી ૭ કલાક દરમિયાન 'વાસુદેવ-માહાત્મ્ય' વિષય પર વ્યાખ્યાન યોજાશે.

વાસુદેવ માહાત્મ્ય ગ્રંથમાં આત્યંતિક શ્રેયના સાધનો, ઉપરિચરવસુના સદ્ગુણો, અધઃપતન અને મોક્ષ, શ્રી વાસુદેવના અવતારો, એકાંતિક ધર્મના ચારેય અંગો તથા અષ્ટાંગ યોગ વગેરેનું નિરૂપણ કર્યું છે. આવા ગ્રંથના હાર્દને જાણવા અને માણવા અભ્યાસપૂર્ણ વકતવ્ય ભરૂચના શ્રી સ્વામિનારાયણ મંદિરના વેદાંતાચાર્ય પૂ. અનિદેશદાસ સ્વામી અને સુરતના શ્રી સ્વામીનારાયણ મંદિરના ષડ્દર્શનાચાર્ય પૂ. પ્રભુચરણદાસ સ્વામી આપશે. હરિ ભકતોને વ્યાખ્યાનનો લાભ લેવા ખાસ જણાવાયું છે.

## ગાંધીનગરના સ્મશાન ગૃહમાં સંત રોહિદાસ અને વીરમાયાની પ્રતિમા મુકવા રજૂઆત

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના સેક્ટર-૩૦માં આવેલા સ્મશાન ગૃહમાં દરેક ધર્મના, જ્ઞાતિના સંતો-મહંતોની પ્રતિમા પ્રસ્થાપિત કરવામાં આવી છે ત્યારે રોહિદાસ સમાજના સંત રોહિદાસ અને પોતાનું બલીદાન આપનાર 'વીરમાયા'ની પ્રતિમા સ્મશાનગૃહમાં પ્રસ્થાપિત કરવા માટે ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિ ગાંધીનગરે કલેટરને લેખિતમાં રજૂઆત કરી છે.

સ્મશાનગૃહમાં અન્ય સંત મહાપુરુષોની પ્રતિમા મુકવામાં આવી છે ત્યારે સંત રોહિદાસ અને 'વીરમાયા'ની પ્રતિમા પણ આ સેકટર-૩૦ના સ્મશાનગૃહમાં મુકવામાં આવે તેવી સમાજના સભ્યોએ માંગણી કરી છે. અને આ બાબતે કલેકટરશ્રીને સત્વરે પ્રતિમા મુકવા ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિના મહામંત્રી વિઠ્ઠલભાઈ પરમારે માંગણી કરી છે.

## ગજાનન સેવા સમિતિ દ્વારા વનવાસી વિસ્તારમાં સ્વામી વિવેકાનંદ વ્યાખ્યાન યોજાયું

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભીલોડા તાલુકાના વનવાસી વિસ્તારમાં તાજેતરમાં સ્વામી વિવેકાનંદના જીવનકવન અંગે વ્યાખ્યાન યોજાયું હતું. ગાંધીનગર રામકૃષ્ણ મિશનના રજનીભાઈ ભટ્ટ દ્વારા પાલ્લા માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા વાંદયોલ તથા ખારી ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં સ્વામી વિવેકાનંદ વિષયક વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. આ વિસ્તારના બાળકોને સ્વામીજીના જીવન ઉપર વિવિધ ઉદાહરણો આપી વાર્તા તથા બૌદ્ધિકતા વધે તે માટે પ્રયત્ન કર્યો હતો.

વાંદયોલમાં ૨૦૦ બાળકોને બોલપેન તથા ૫૫ જોડ કપડાં આપ્યા હતા. ખારી ઉચ્ચત્તર માધ્યમિકમાં ૧૨ બહેનોને ગીત કંઠસ્થ કરવા બદલ રેઈનકોટ આપી પ્રોત્સાહિત કર્યા હતા. છાત્રેશ્વરી પ્રાથમિક શાળામાં ૧૦ કિ.ગ્રા. ખારા ચણા અને ૬૦ બાળકોને બિસ્કીટના પેકેટ તથા પ્રત્યેકને નવા કપડાં આપવામાં આવ્યા હતા. શાળાના આચાર્ય તરફથી યોગ્ય સહકાર મળ્યો હોવાનું રજનીભાઈ, મિલિન્દ ગુપ્તે તથા વિલેષ મોરેએ જણાવ્યું હતું.




ચ-૩ ખાતે લાયન્સ, લાયોનેસ, લીયો ક્લબસ ઓફ, ગાંધીનગર દ્વારા પગપાળા અંબાજી જતાં સંઘો માટે મેડીકલ સેવા કેન્દ્રનો શુભારંભ કરવામાં આવ્યો છે.

## સેકટર-૭/સી નવરાત્રી મહોત્સવ સમિતિની સાધારણ સભા

ગાંધીનગર, તા. ૨૧

સેકટર-૭સી નવરાત્રી મહોત્સવ સમિતિ ગાંધીનગરની સાધારણ સભા તા. ૨૩મી સપ્ટેમ્બર રાત્રે સાડા આઠ વાગે શિવશક્તિ મંદિર ખાતે મળશે. જેમાં સેકટર-૭સીના વસાહતીઓએ હાજર રહેવા મહામંત્રી તળજાભાઈ દેસાઈએ જણાવ્યું છે.

## સેકટર-૪માં આનંદનો ગરબો ૨૩મીએ યોજાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના સેકટર-૪-એ, પ્લોટ નં. ૨૯૭/૧, ચંદલ તલાવડીની પાછળ અથવા ગ-૧ના સર્કલની આગળ તા. ૨૩મી સપ્ટેમ્બરને રવિવારે આઠમના દિવસે આનંદનો ગરબો યોજાશે.

ભાવનાબેન ગોકલાણી આયોજીત આનંદનો ગરબો દર્શનાબેન ઉપાધ્યાયના નિવાસે બપોરે ૧ થી ૪ કલાકે રાખવામાં આવ્યો છે. સર્વે ભકતોને આનંદના ગરબાનો લાભ લેવા પ્રફુલ્લાબેન ભાવસારે ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

## નવરાત્રી મહોત્સવ સમિતિ સે. ૩/ન્યુના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના સેક્ટર-૩-ન્યુના વસાહતીઓની તાજેતરમાં સામાન્ય સભા મળી હતી. બેઠકમાં નવરાત્રી મહોત્સવ સમિતિના હોદ્દેદારો અને સભ્યોની વરણી કરવામાં આવી હતી.

નવરાત્રી મહોત્સવ સમિતિના પ્રમુખ તરીકે સંજય પટેલ, મહામંત્રી તરીકે બિપીન પરમાર, ઉપપ્રમુખ તરીકે ચન્દ્રેશભાઈ પુરોહિત, સી.એન. ડામોર, રાજુભાઈ પટેલ, સંગઠન મંત્રી તરીકે વિરચંદભાઈ પરમાર, સહમંત્રી તરીકે કમલેશભાઈ કટારા, પંકજભાઈ સોની, કમલેશભાઈ શ્રીમાળી, હેમંત ત્રિવેદી, ખજાનચી તરીકે કાન્તીલાલ પટેલ, સહ-ખજાનચી તરીકે ભાસ્કર બાલપાંડે, કારોબારી સભ્યોમાં દેવાંગ પંડિત, પુરુષોત્તમ પરમાર, ભરતભાઈ સાદરીયા, દશરથભાઈ વ્યાસ, વિજય પટણી, ભરતભાઈ પટેલ, મનુભાઈ પટેલ, રાજુભાઈ, આર.વી. પટેલ, લાલભાઈ, વી. કે. પટેલ, ભાર્ગવ, ભાવિન, પ્રકાશ, સાર્દૂલ, હરજીવનભાઈ, બાબુલાલ, અમિતભાઈ, રાજુભાઈ, સોમાભાઈ પંડ્યા, બાબુભાઈ, નવઘણભાઈ, નરેન્દ્રભાઈ, કિશોરભાઈ, પ્રવીણભાઈ, ઉદેસિંહ, આશિષ, અમૃતભાઈ, નારણભાઈ, અશ્વિનભાઈ, હસમુખભાઈ, ભરતભાઈ ગઢવી, ભાવિનભાઈ, નિશાંત, શાંતિભાઈ અને સમીરભાઈની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

## બાપુનગર પદયાત્રી મંડળ ૧૩માં વર્ષે સેવા કેન્દ્ર ચલાવશે

ગાંધીનગર, તા.૨૧

અમદાવાદ, બાપુનગર પદયાત્રી મંડળ આયોજિત સેવા કેન્દ્ર વર્ષ ૧૩માં તા. ૨૨મી સપ્ટેમ્બર થી ૨૫ સપ્ટેમ્બર સુધીનું આયોજન કરેલ છે. જેમાં પાકું ભોજન, ચા-કૉફી, ફીજીયોથેરાપી, મેડીકલ કેમ્પ, ન્હાવા માટે ગરમ પાણી, વિસામો, મોબાઈલ ચાર્જીંગની વ્યવસ્થા કરેલ છે, વિષ્ણુભાઈ બેન્કરનો બોર, પેટ્રોલ પંપની પાસે રાંધેજા ચોકડી, જીઆઈડીસી રોડ પર સેવા કેન્દ્ર ચાલુ થશે.



ભાદરવા સુદ પુનમ એટલે સુપ્રસિદ્ધ પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે જગતજનની જગદંબાના ચરણે જવાના અરમાનો પૂર્ણ કરવા માઈભક્તો દ્વારા ચિલોડાથી હિંમતનગર જવાના માર્ગ પર વિસામા તથા સેવાકેન્દ્રોની તૈયારી આરંભાઈ ચુકી છે. તેવામાં જય અંબે સંઘો તથા પદયાત્રી પુનમે દર્શનનો લાભ લેવા અત્યારે નિયમિત સંઘોનું પ્રસ્થાન થઈ રહ્યું છે. જેમાં ભગવતી માઈ મંડળ જય અંબે સંઘ, નિર્ણયનગર-અમદાવાદ ઓરાણ હાઈસ્કૂલમાં પ્રયાણ થતાં શાળાના વિદ્યાર્થીઓને મા નો પ્રસાદરૂપે ભોજન પીરસીને સેવાનો ઉત્તમ લ્હાવો લીધો હતો. જેમાં શાળાના તમામ વિદ્યાર્થીઓએ ઉલ્લાસ અને ઉમંગથી પ્રસાદ લઈ અનોખી ઉજવણીરૂપે શ્રદ્ધા-ભક્તિ વ્યક્ત કરી ધન્યતા અનુભવી હતી. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# સરઢવ ગામે સ્વામી વિવેકાનંદ કે પથ પર આગે કદમ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના સરઢવ ગામે તાજેતરમાં 'સ્વામી વિવેકાનંદ કે પથ પર આગે કદમ' અંતર્ગત રાષ્ટ્રવંદના ગીત, સ્વામી વિવેકાનંદ યુવા અભિયાન, સ્વામી વિવેકાનંદ જીવન દર્શન દર્શાવતું પ્રદર્શન અને વક્તૃત્વ સ્પર્ધાનો કાર્યક્રમ યોજાઈ ગયો.

સરઢવ ગામે યોજાયેલા રાષ્ટ્ર વંદના ગીત, સ્વામી વિવેકાનંદ યુવા અભિયાન, સ્વામી વિવેકાનંદ જીવન દર્શન પ્રદર્શન અને વક્તૃત્વ સ્પર્ધાના કાર્યક્રમમાં ગ્રામજનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે યુવા દિશા કેન્દ્ર તરફથી વક્તૃત્વ સ્પર્ધામાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓને 'સ્વામી વિવેકાનંદનું જીવન ચરિત્ર' પુસ્તક ભેટ સ્વરૂપે આપી સન્માન કરવામાં આવ્યું હતું. બાળ ફોટોગ્રાફર દિગ્વીજય સાધુનું પણ આ પ્રસંગે ખાસ સન્માન કરવામાં આવ્યું હતું.

યુવા દિશા કેન્દ્રના અધ્યક્ષ સંજીવ મહેતાનાં નેતૃત્વમાં ચાલતા 'સ્વામી વિવેકાનંદ કે પથ પર આગે કદમ' કાર્યક્રમમાં સરઢવ ગામના સરપંચ અરવિંદભાઈ પટેલ, કેળવણી મંડળના ઉપપ્રમુખ શંકરભાઈ પટેલ, ગામના યુવાનો અને પત્રકાર જયેશ મેવાડા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સંજીવ મહેતાએ સ્વામી વિવેકાનંદ યુવા અભિયાન અન્વયે વૃક્ષો વાવો, સ્વદેશી અપનાવો, ભાઈચારો કેળવો, ઊર્જા બચાવો, 'દેહ માટે એક કલાક અને દેશ માટે એક કલાક' કાર્યક્રમના અમલ માટે અપીલ કરી ઉપસ્થિત યુવાનોને 'નશાબંધી સંસ્કાર'ના શપથ લેવડાવ્યા હતા. આચાર્યએ ગામના દરેક નાગરિક સુધી સ્વામી વિવેકાનંદ યુવા અભિયાનના મુદ્દાને પહોંચાડવાની નેમ વ્યક્ત કરી હતી અને યુવાનોની કામગીરીને બિરદાવી હતી. સરપંચ અરવિંદભાઈ પટેલે આ પ્રસંગે સ્વામી વિવેકાનંદ જીવનદર્શન પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું હતું અને યુવાનોને સ્વામી વિવેકાનંદના 'ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો'ની શીખ આપી હતી.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૯
સૂર્યાસ્ત : ૬.૩૮

### તાપમાન

મહત્તમ : ૩૩.૫ ડિ.સે. લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.
મોસમ કુલ વરસાદ : ૭૦૬ એમ.એમ.

### ભેજનું પ્રમાણ

સવારે ૮૧ ટકા ● સાંજે ૬૮ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
હિરોઈન : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
બર્ફી: ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
હિરોઈન : ૧૦.૪૫, ૧.૪૫, ૪.૪૫, ૭.૪૫, ૧૦.૪૫
: સ્ક્રીન-૪ :
બર્ફી : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦, ૧૦.૪૫
: સ્ક્રીન-૫ :
બર્ફી : ૧૧.૦૦, ૨.૦૦
હિરોઈન : ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
હિરોઈન: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૨ :
હિરોઈન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
બર્ફી : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્ક્રીન-૪ :
હિરોઈન : ૮.૧૫, ૮.૧૫
બર્ફી : ૧૧.૧૫, ૫.૧૫, ૮.૧૫
રાઝ-૩ ૨ડી : ૨.૧૫

**સૂર્યા, વાવોલ**

હિરોઈન : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
હમસે ન ટકારાના : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
હિરોઈન: ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
હિરોઈન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
બર્ફી : ૧૦.૪૫, ૭.૧૫, ૧૦.૧૫
રાઝ -૩ : ૨.૦૦, ૪.૩૦

**ચિરાગ, કલોલ**

હિરોઈન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**આંબેડકર હોલ**

- લાયોનેસ કલબ દ્વારા મેમરી વર્કશૉપ સવારે ૧૦.૦૦ કલાકે.
- ગાંધીનગર વસાહતી ૨૮૨ વણકર સમાજ ટ્રસ્ટ દ્વારા બપોરે ૩.૦૦ કલાકે સામાજિક કાર્યક્રમ.

**ટાઉન હોલ**

- ગુરાત પરિવર્તન પાર્ટી દ્વારા જિલ્લા સંમેલન બપોરે ૨.૦૦ કલાકે.
- કલ્ચરલ ફૉરમ ગાંધીનગર દ્વારા પ્રસ્તુત નાટક 'તુ લાજવાબ છે' રાત્રે ૯.૩૦ કલાકે

**ધાર્મિક**

- ગણેશ મહોત્સવ નિમિતે શ્રી ગણેશ મહોત્સવ સમિતિ તથા શ્રી સોમનાથ મહાદેવ મંદિર સમિતિ દ્વારા સોમનાથ મહાદેવ, રંગમંચ પાસે, સેકટર -૧૬ ખાતે રાત્રે ૯.૦૦ કલાકે, ગુજરાતના સુપ્રસિદ્ધ કલાકારો દ્વારા આયોજિત ડાયરો.
- ગણેશ મહોત્સવ નિમિતે ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ દ્વારા સાર્વજનિક ગણેશ મહોત્સવ ભુવનેશ્વર મંદિર, સેકટર-૬/ડી, ખાતે રાત્રે ૯.૦૦ કલાકે, લોક ડાયરાનું આયોજન.
- ગણેશ મહોત્સવ નિમિતે શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા સેકટર -૨૨ના રંગમંચ ખાતે સવારે ૯.૦૦ કવાકે મફત નિદાન કેમ્પ યોજાશે. તથા રાત્રે ૯.૦૦ કલાકે જૂના તથા નવા હિન્દી ફિલ્મી ગી-સંગીતનો મ્યુઝીકલ નાઈટનો કાર્યક્રમ.
- ગણેશ મહોત્સવ નિમિતે ગણેશ યુવક મંડળ દ્વારા શોપીંગ સેન્ટરની સામેના મેદાન સેકટર-૧૪, ખાતે રાત્રે ૮.૦૦ કલાકે સમુહ દીપઆરતીનું આયોજન તથા રાત્રે ૯.૦૦ કલાકે, રાસ ગરબાનું આયોજન.

### આપની આજ

**મેષ** : આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે. મિત્રો સાથે સમય પસાર થઈ શકે છે.

**વૃષભ** : અમુકૂલ પરિણામ માટે સક્રિયતા અને નિશ્ચિંતતા આવશ્યક છે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

**મિથુન** : વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે.

**કર્ક** : કૌટુંબીજનોના સાથ સહકાર- પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે.

**સિંહ** : સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. આપના દ્વારા થયેલ સંચિત ધનમાં વૃદ્ધિ થઈ શકે છે.

**કન્યા** : આજે નવા સંબંધો બંધાઈ શકે છે. સત્સંગ થઈ શકે છે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી.

**તુલા** : અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે. જ્ઞાન શોધના કાર્યોમાં આપનું મન પરોવાશે.

**વૃશ્ચિક** : સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે.

**ધન** : આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે. કોર્ટ - કચેરીના કેસોમાં આપને સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મકર** : કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે.

**કુંભ** : આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ખાનપાનમાં સંયમ રાખવું. ઉચ્ચસ્તરીયે આપને પ્રતિષ્ઠા અને માન- સમ્માન પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી હિતાવહ રહેશે. સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

### ચિરવિદાય

- સ્વ.કૈલાસબેન હસમુખભાઈ ભરવાડ (ઉ.વ.૨૫) ગોકુલપુરા, સેકટર-૧૪, ગાંધીનગર.
- સ્વ. નાનુબેન ગાંડાભાઈ પુરબીયા (ઉ.વ.૧૦૫), જીઈબી કોલોની, ઈ-૨૭/૧, ગાંધીનગર.
- સ્વ. સુરેખાબેન ઈન્દુલાલ શાહ (ઉ.વ.૮૨) પ્લોટ નં.૧૩૨, ફ્લેટ નં.૮, ઐશ્વર્ય-૧, સેકટર-૧૯, ગાંધીનગર
- સ્વ. ભૂપેન્દ્રકુમાર અંબાલાલ બારોટ, ગામ-રૂપાલ, બારોટ વાસ, ગાંધીનગર.